| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :– | ૧૬/૧૧/૨૦૧૮ |
| રજીસ્ટર તારીખ | :– | ૧૬/૧૧/૨૦૧૮ |
| નિકાલ તારીખ | :– | ૧૬/૦૫/૨૦૧૯ |
| વીતેલો સમય | :– | વર્ષ માસ દિન<br>૦૦ ૦૬ ૦૧ |

**અમરેલી જીલ્લાના બીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુ. ધારી.**

**સેશન્સ કેસ** નંબર **: ૬૦/૨૦૧૮.**

આંક–

**શ્રી સરકાર** ... ફરીયાદી

**વિરૂધ્ધ**

**રાજુભાઈ નાનજીભાઈ ચંદાણા,**
ઉ.વ.૩૫, ધંધો–મજુરી,
રહે. વેલપુરા, તા. ઝાલોદ, જી. દાહોદ. ... આરોપી

**આરોપ :–** ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨, ૨૦૧, ૩૪, ૩૩૭, ૫૦૬(૨) મુજબ.

---

**સમક્ષ :–** શ્રી એસ.એમ. ટાંક, બીજા અધિક સેશન્સ જજ, ધારી.

---

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.બી. જોષી.

આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.જામ.

## –:: ઠ રા વ ::–

**(૧)** આ કામના આરોપી ઉપર ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૩૪, ૫૦૬(૨) મુજબના ગુના સબબનું તહોમતનામુ આંક–૪ થી ફરમાવેલુ છે.

**(૨)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી માનસિંગભાઈ ચંદાણાના દીકરા સુરેશભાઈ તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ ધારીના વાઘાપરા તથા શિવનગરના પાછળના ભાગે આવેલ ડેમમાં પડી ગયેલા જણાઈ આવેલા. જે અંગે ફરીયાદીએ સૌ પ્રથમ ધારી પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતની જાહેરાત કરેલી. બાદ બનાવના થોડા દિવસો પછી તેઓના દીકરાઓએ તેઓને જણાવેલુ કે બનાવ સમયે આરોપી રાજુભાઈ નાનજીભાઈએ ગુજરનાર સુરેશભાઈને બનાવ સમયે પથ્થરનો ઘા માથાના ભાગે મારેલો અને જે ઈજા થતાં ગુજરનાર સુરેશભાઈ સ્થળ ઉપર પડી ગયેલા અને આરોપી રાજુભાઈ નાનજીભાઈ તથા ફરીયાદીના અન્ય દીકરાઓએ સાથે મળીને રાજુભાઈને પાસેના ડેમની અંદર ઢસડીને ફેંકી દીધેલા. ફરીયાદીને સદર હકીકત જ્ઞાનમાં આવતાં તેઓએ આરોપીઓ વિરુધ્ધ ધારી પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૦૮/૨૦૧૮ ના રોજ પી.એસ.આઈ., કે.ડી.ગોહિલ રુબરુમાં જાહેર કરેલી. સબબ ફરીયાદની તપાસ ધારી પોલીસ સ્ટેશન ગુના નંબર ફર્સ્ટ– ૫૬/૨૦૧૮ થી દાખલ કરવામાં આવેલી. આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ પી.એસ.આઈ., ગોહિલે જાતે સંભાળી લીધેલી. તેઓએ અકસ્માત મોત સંદર્ભના કાગળો એકઠા કરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. તપાસના ભાગરૂપે જરૂરી પંચનામાઓ તેમજ મુદ્દામાલ એકઠો કરવામાં આવેલો. તપાસ કરનાર અધિકારીને આરોપી વિરુધ્ધ પ્રાથમિક પુરાવો મળી આવતા તેઓની ધરપકડ કરેલી. તપાસનો વૈજ્ઞાનિક પુરાવો એકત્રિત કરવા કબજે લેવામાં આવેલા મુદ્દામાલનું પૃથકકરણ કરવા એફ.એસ.એલ., જુનાગઢને મોકલવામાં આવેલો. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ધારીના મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલુ. ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુનાઓની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય, આ કેસ હકુમતવાળા મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ અત્રેની કોર્ટમાં કમીટ કરેલો.

**(૩)** આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેને પોલીસ તપાસનાં કાગળોની નકલ મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨, ૨૦૧, ૩૪, ૩૩૭, ૫૦૬(૨) મુજબના ગુનાઓ દર્શાવતુ તહોમતનામુ આંક–૪ થી ફરમાવવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઈનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આરોપી સામેનો હાથ પરનો કેસ સાબીત કરવા ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવા માટે મુકરર કરવામાં આવેલો.

**(૪)** ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદો તપાસેલા છે :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | હરેશભાઈ કાંતિલાલ જયસ્વાલ (બનાવવાળી જગ્યાના પંચ સાહેદ) | ૬ |
| ૨ | રાજુભાઈ અરજણભાઈ રાઠોડ (ઈન્કવેસ્ટ પંચનામાના તથા આરોપીની અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ) | ૮ |
| ૩ | સંજયકુમાર જટાશંકર બારૈયા (મદદનીશ તાલુકા વિકાસ અધિકારી) | ૧૧ |
| ૪ | ડો. વિજયકુમાર લક્ષ્મણભાઈ મોરી (પી.એમ. કરનાર) | ૧૫ |
| ૫ | માનસિંગભાઈ જળીયાભાઈ ચંદાણા (ફરીયાદી) | ૨૦ |
| ૬ | કરણ માનસિંગભાઈ ચંદાણા (બાળ સાહેદ) | ૨૨ |
| ૭ | અશ્વિનકુમાર હરીભાઈ ઈટાળીયા (એફ.એસ.એલ. અધિકારી) | ૨૩ |
| ૮ | અનવરભાઈ નાનુભાઈ લલીયા (તાલુકા પંચાયતના કર્મચારી) | ૨૫ |
| ૯ | કરણસિંહ દિલીપસિંહ ગોહિલ (તપાસ કરનાર અધિકારી) | ૩૦ |

**(૫)** ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૭ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૯ |
| ૩ | આરોપીનું અટક પંચનામુ | ૧૦ |
| ૪ | રીહર્સલ પંચનામુ | ૧૨ |
| ૫ | રીહર્સલ પંચનામુ કરવા જવા માટેનો હુકમ | ૧૩ |
| ૬ | પી.એમ.રીપોર્ટ | ૧૬ |

| | | |
|---|---|---|
| ૭ | લાશનું પી.એમ. કરવાની પોલીસ યાદી | ૧૭ |
| ૮ | મરણોત્તર ફોર્મ | ૧૮ |
| ૯ | ફોર્મ નં.–ર(બી) | ૧૯ |
| ૧૦ | ફરીયાદ | ૨૧ |
| ૧૧ | એફ.એસ.એલ. વાનનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૪ |
| ૧૨ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવાનો હુકમ | ૨૬ |
| ૧૩ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૨૭ |
| ૧૪ | ડેપ્યુટ ઓર્ડર | ૩૧ |
| ૧૫ | એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર હાજર રહેવા કરેલી યાદી | ૩૨ |
| ૧૬ | એફ.એસ.એલ., જુનાગઢને મુદ્દામાલ મોકલેલ તેની સ્થળપ્રત | ૩૩ |
| ૧૭ | એફ.એસ.એલ., જુનાગઢને મુદ્દામાલ મળી ગયા અંગેનો પત્ર | ૩૪ |
| ૧૮ | કોલ ડીટેઈલ મેળવવા નોડલ ઓફીસરને કરેલી યાદી | ૩૫ |
| ૧૯ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા કરેલી યાદી | ૩૬ |
| ૨૦ | એફ.એસ.એલ., જુનાગઢને મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલની યાદી | ૩૭ |
| ૨૧ | એફ.એસ.એલ., જુનાગઢને મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલની ઓનલાઈન યાદી | ૩૮ |
| ૨૨ | એફ.એસ.એલ., જુનાગઢનો પત્ર | ૩૯ |
| ૨૩ | એફ.એસ.એલ., જુનાગઢનો બાયોલોજી પૃથ્થકરણ અહેવાલ | ૪૦ |
| ૨૪ | એફ.એસ.એલ., જુનાગઢનો સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | ૪૧ |

(૬) ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રીએ આંક–૪ર થી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાની પુરશીસ તા. ૩૦/૦૪/૨૦૧૯ ના રોજ આપેલી છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનો વિશેષ ખુલાસો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ લેવામાં આવેલ છે. આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા તે તમામ આક્ષેપોનો આરોપીએ ઈન્કાર કરેલો હતો. બચાવ તરફે આરોપીએ કોઈ સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલો નથી. વિશેષમાં આરોપીએ જણાવેલુ કે અમો નિર્દોષ છીએ અને અમારે પાંચ નાના બાળકો છે. ફરીયાદી મારા સગા કાકા થાય છે અને અમારે ફરીયાદી સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલુ છે. અમો ગરીબ વર્ગના માણસ

છીએ અને અમોએ આવો કોઈ ગુન્હો કરેલો ન હોય અમારા ઉપર રહેમ દ્રષ્ટિ રાખી નિર્દોષ છોડી મુકવા અરજ કરેલી છે.

**(૮)** ત્યારબાદ બંને પક્ષના વિદવાન ધારાશાસ્ત્રીશ્રીઓની લંબાણપુર્વક મૌખિક દલીલો સાંભળવામાં આવી તેમજ રેકર્ડ પરનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઉંડાણપુર્વક વંચાણે લેવામાં આવ્યો.

**(૯)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**(૧)** :– શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવું પુરવાર કરે છે કે ગુજરનાર સુરેશભાઈ માનસિંગભાઈ ચંદાણાનું મૃત્યુ અકુદરતી અને મનુષ્યવધ પ્રકારનું હતું ?

**(૨)** :– શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પથ્થરનો છુટો ઘા મારી સુરેશભાઈની સાઅપરાધ હત્યા કરી, લાશને પાણીમાં નાખી દઈ ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૩)** :– શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ બનાવવાળી જગ્યાએ હાજર બાળ સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૪)** :– શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

**(૧)** હકારમાં.

**(૨)** નકારમાં.

**(૩)** નકારમાં.

**(૪)** અંતિમ હુકમ મુજબ.

## — : : કા ર ણો : : —

**મુદ્દા નંબર—૧ :**

**(૧૧)** ફરીયાદપક્ષે મુદ્દા નંબર—૧ પુરવાર કરવા માટે ડોકટરશ્રીનો મૌખિક પુરાવો, ઈન્કવેસ્ટ પંચનામુ તથા પી.એમ. રીપોર્ટ જેવા દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલો છે. ફરીયાદપક્ષે પી.એમ. કરનાર ડો.વિજયકુમાર લક્ષ્મણભાઈ મોરીને તેમજ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ રાજુભાઈ અરજણભાઈ રાઠોડને અનુક્રમે આંક—૧૫ અને આંક—૮ થી તપાસવામાં આવેલા છે. આ બન્ને સાહેદો મારફતે આંક—૯ થી ઈન્કવેસ્ટ પંચનામુ, આંક—૧૬ થી પી.એમ. રીપોટ, આંક—૧૭ થી પી.એમ. કરવા માટેની યાદી આંક—૧૮ થી મરણોત્તર ફોર્મ અને આંક—૧૯ થી ફોર્મ નં. ૨(બી) વાળા દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. સાહેદોનો પુરાવો જોઈએ તો ડો. વિજયને આંક—૧૫ થી તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ તા.૨૧—૭—૨૦૧૮ ના રોજ તેઓ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધારીમાં ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.આઈ. ધારીની પોલીસ યાદી, ઈન્કવેસ્ટ પંચનામાની યાદી અને મરણોત્તર ફોર્મ સાથે સુરેશભાઈ માનસીંગભાઈ ચંદાણાની ડેડ બોડી પી.એમ. કરવા માટે આવેલી. સાહેદના પુરાવા મુજબ તેઓએ તેમની સાથેના પેનલ ડો. પી.એચ. જાદવે શબનુ પરિક્ષણ બપોરે ૩—૦૦ વાગ્યે શરુ કરી ૪—૦૦ વાગ્યે પૂર્ણ કરેલુ. સાહેદના પુરાવા મુજબ મૃતક આશરે ૨૫ વર્ષના હતા. મૃતકે બ્રાઉન કલરની ગંજી, બ્લ્યુ કલરનુ જીન્સ અને લાલ કલરની ચડ્ડી પહેરેલ હતી. મૃતકે જમણા હાથમાં કાળા કલરનું રબ્બરનુ કાંડુ અને ગુલાબી કલરનો દોરો પહેરેલો હતો. ડાબા કાનમાં પાણી કલરની કડી પહેરેલ હતી. મૃતકના તમામ કપડા ભીના અને પાણીથી ખરડાયેલા હતા. મૃતકના શરીરનુ બંધારણ પુષ્ઠ અને સામાન્ય હતુ. શરીર ઠંડુ પડેલુ હતુ. રાયગર મોર્ટીસ સંપૂર્ણપણે વિકસીત હતા. મૃતકની બન્ને આંખો, મોઢુ બંધ હતુ. નાકમાંથી સફેદ કલરનુ પ્રવાહી પરપોટા સાથે નીકળતુ હતુ. આંખોની બન્ને કીકી પહોળી અને ફીકસ હતી. શબનુ પરિક્ષણ કરતા મૃતકના શરીરના બાહય ભાગમાં બે ઈજાઓ જણાઈ આવેલી. જેમા ઈજા નં.એક ૪×૦.૫ સે.મી.ની લાલ કલરની ત્રાંસી લેસરેટેડ ઈજા જમણા કાનના વચ્ચેના ભાગમાં જણાઈ આવેલી અને બીજી ઈજા ૦.૫ × ૦.૩ સે.મી. ની પ્રથમ ઈજાના આગળના ભાગે જણાઈ આવેલી. આ બન્ને ઈજાઓ લોહીથી ખરડાયેલી હતી. ઈજાઓની બોર્ડર અનિયમિત હતી અને આ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. ડો.શ્રી એ મૃતકની આંતરિક તપાસ કરેલી જેમા મૃતકના માથામાં કે ખોપડીમા કોઈ ઈજા કે ફ્રેકચર જણાઈ આવેલા ન હતા. મગજનુ આવરણ અખંડીત અને કન્ઝેસ્ટેડ હતુ. છાતીની પાંસળીઓના મૃદુ હાડકાઓ અખંડીત અને કન્ઝેસ્ટેડ હતા. બન્ને ફેફસાઓ વજનમાં ભારે હતા જેને ડીટેકશન કરતા

મોટી માત્રામાં પ્રવાહી અને ફ્રોથ બહાર નીકળતો હતો. પેટની દિવાલ અને અંદરની ત્વચાનુ આવરણ અખંડીત હતુ. મોઢાનુ પોલાણ, દાંત, જીભ, અન્નનળી અને કન્ઠનળી અખંડીત હતા. હોજરીમાં અમુક માત્રામાં ક્રીમ કલરનો ખાદ્ય પદાર્ણ પાણી  સાથે ભળેલો જણાઈ આવેલો. મૃતકના શરીરમાંથી કોઈ અસામાન્ય વાસ આવતી ન હતી. મ્યુકોજા નોર્મલ હતા. મોટા આંતરડામાં મળ તથા ગેસની હાજરી જણાઈ આવેલી. શરીરના અન્ય અવયવો યકૃત, પિતાશય, અન્નાશય, અધિવૃકકો, બરોળ, મૂત્રપીંડો, મૂત્રાશય અખંડીત અને કન્ઝેસ્ટેડ હતા. કરોડરજજુમા પણ કોઈ ઈજા જણાઈ આવેલી ન હતી. મૃતકની જનેન્દ્રીય પર કોઈ ઈજા કે રેસ જણાઈ આવેલા ન હતા. ડો. શ્રીએ શબ પરિક્ષણના અંતે મૃત્યુનુ કારણ ડુબી જવાના કારણે, શ્વાસ રુંધાવાથી થયાનુ જાહેર કરેલુ. ડો.શ્રીએ પી.એમ. રીપોર્ટ માં તેઓની સહી ઓળખી બતાવી રજુ રાખેલો. ડો.શ્રીના પુરાવામાં આંક–૧૭ થી ૧૯ વાળા દસ્તાવેજો રજુ રાખવામાં આવેલા. ડો. શ્રીએ શબ પરિક્ષણ દરમિયાન એફ.એસ.એલ.ના પૃથ્થકરણ અર્થે પોલીસ યાદીના અનુસંધાને મૃતકના શરીરમાંથી બ્લડ સેમ્પલ લઈ સીલપેક કરી પોલીસને સોંપી આપેલ. સાહેદની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાંથી એવુ બહાર આવેલ કે પી.એમ. ના કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજાઓ પાણીમાં ટેકરા સાથે ઘસડાવાથી અગર તો વ્યકિત ઉચાઈએથી નીચે પડે ત્યારે આવી ઈજાઓ સંભવી શકે છે. ફરીયાદપક્ષે સાહેદ નં. ૨ રાજુભાઈ અરજણભાઈ રાઠોડને તપાસવામાં આવેલા. તેઓ મારફતે આંક–૯ થી ઈન્કવેસ્ટ પંચનામુ અને આંક–૧૦ થી આરોપીની અટક કર્યા અંગેનું પંચનામુ રજુ કરવામાં આવેલુ. જો કે આ સાહેદે આંક–૯ અને ૧૦ ના પંચનામાઓની હકીકતને સમર્થન કરેલ નહી. જો કે ફરીયાદપક્ષે તપાસેલ તપાસ કરનાર અધિકારીના પુરાવામાંથી એવુ બહાર આવેલ છે કે આંક–૯ અને ૧૦ ના પંચનામાઓ પંચોએ લખાવ્યા મુજબ લખવામાં આવેલા. આંક–૯ નુ પંચનામુ જોવામાં આવે તો મૃતકના માથાના ભાગે બે ઈજાઓ જણાઈ આવેલી. જયારે આંક–૧૦ ના પંચનામા મુજબ પંચોની હાજરીમાં આરોપી રાજુભાઈ નાનજીભાઈ ચંદાણાને અટક કરેલો. જો કે આરોપીના કબજામાંથી તપાસઅર્થ કોઈ મુદ્દામાલ કે કપડાઓ કબજે કરવામાં આવેલ ન હતા. ટૂંકમાં ફરીયાદપક્ષે તપાસેલ ઉપરોકત સાહેદોના પુરાવામાંથી એવુ બહાર આવેલ છે કે ગુજરનાર સુરેશભાઈ માનસીંગભાઈના મૃત્યુ પાણીમાં ડુબી જવાના કારણે શ્વાસ રુંધાઈ જવાના કારણે થયેલુ. આરોપી પક્ષે સદરહુ હકીકતને પડકારેલી ન હતી કે પી.એમ. રીપોર્ટને ઉથલાવી શકેલા ન હતા. ટૂંકમાં મૃતકનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થતુ હોય, મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં આપુ છું.

**<u>મુદ્દા નંબર–૨ :</u>**

**(૧૨)** ફરીયાદપક્ષે મુદ્દા નંબર–૨ પુરવાર કરવા માટે નવ સાહેદોને તપાસેલા છે. જેમાં મહત્વના સાહેદો જોવામાં આવે તો ફરીયાદપક્ષે સાહેદનં. ૫ તરીકે ફરીયાદી માનસીંગભાઈ જળીયાભાઈ ચંદાણાને તપાસવામાં આવેલા. તેઓના પુરાવામાંથી માત્ર એટલુ જ બહાર આવે છે કે તેઓએ આ કામની ફરીયાદ જાહેર કરેલી. જે ફરીયાદ આંક–૨૧ થી રજુ રાખવામાં આવેલી. સાહેદ ફરીયાદ મુજબના કથનોનો પુરાવો રજુ ના કરતા હોય વિ. સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરાવેલા. ફરીયાદીની વિ. સરકારી વકીલશ્રીએ લંબાણપૂર્વકની ઉલટ તપાસ કરેલી તેમ છતાં તેમના પુરાવામાંથી ફરીયાદપક્ષને સમર્થીત કોઈ હકીકત બહાર કઢાવી શકેલા ન હતા. સાહેદની ઉલટ તપાસમાં તેઓએ તે વાતનો સ્વિકાર કરેલો કે તા.૨૦–૦૭–૧૮ ના રોજ ગુજરનાર સુરેશભાઈ દારુના નશામાં હતા. સાહેદ એ વાતનો પણ સ્વિકાર કરેલો કે સુરેશભાઈ બાદમાં મળી ન આવતા તેઓએ ધારી પો.સ્ટે. માં ગુમશુદાની અરજી આપેલી. તેઓએ તે વાતનો પણ સ્વિકાર કરેલો કે તેઓએ આ સિવાય કોઈ હકીકત પોલીસને જણાવેલી ન હતી. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલો કે તેઓના દિકરાઓએ તેઓને એવી કોઈ હકીકત જાણવેલી ન હતી કે આરોપી રાજુએ તેઓના દિકરા (સુરેશ)ને મારીને પાણીમા નાખી દીધેલો. ટૂંકમા, સાહેદના પુરાવામાં આંક–૨૧ વાળી ફરીયાદ પુરવાર થતી નથી એટલે કે તે પુરાવા વીહીન રહેલી છે. સાહેદના પુરાવામાંથી એવી પણ કોઈ હકીકત બહાર આવતી નથી કે તેઓના દિકરાઓએ તેમની સમક્ષ આરોપી રાજુએ ગુજરનાર સુરેશભાઈ જોડે ઝઘડો કરી પથ્થરનો છુટો ઘા મારી ગુજરનારને પાણીમા નાખી દીધાની હકીકત જાહેર કરેલી. સાહેદના પુરાવામાંથી એવુ બહાર આવે છે કે તેઓના સંતાનો કરણ અને ધૃવ સગીર વયના છે. આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીના દિકરા અને નજરે જોનાર સાહેદ કરણ માનસીંગભાઈને આંક–૪૦ થી તપાસેલા છે. તેઓ બનાવ સમયે માત્ર ૯ વર્ષના હતા જો કે આ સાહેદે પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલુ ન હતુ. તેઓ બાળ સાહેદ હતા. તેઓનો પુરાવો પ્રશ્નોત્તરી સ્વરુપે લેવામાં આવેલો પરંતુ તેઓના પુરાવામાંથી આંક–૨૧ ની ફરીયાદ મુજબની કોઈ હકીકતો બહાર આવી શકેલી ન હતી

**(૧૩)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૩ સંજયકુમાર જટાશંકર બારૈયાને તપાસવામાં આવેલા. તેઓના પુરાવા મુજબ તેઓ ધારી તાલુકા પંચાયતમા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તાલુકા વિકાસ અધિકારી, ધારીનાઓએ તેઓને તા.૧૪–૦૮–૧૮ ના રોજ ધારી પો.સ્ટે. મા પંચ તરીકે રહેવાની સૂચના આપેલી. જેથી તેઓ ધારી પો.સ્ટે. હાજર

થયેલા. સાહેદના પુરાવા મુજબ પોલીસે તેઓને માહિતી ઓપલી કે આરોપીનુ ડેમો રીહર્સલ કરવા માટે તમારે પંચ સાહેદ તરીકે રહેવાનુ છે. સાહેદના પુરાવા મુજબ પોલીસ તેઓની સમક્ષ એક ઈસમને લાવેલા જેનુ નામ રાજુભાઈ નાનજીભાઈ ચંદાણા હોવાનું જણાવેલુ. સાહેદના પુરાવા મુજબ તેઓની હાજરીમાં રાજુ તથા પોલીસ વાહને ચેક કરવામાં આવેલા તથા રાજુને વાહનમાં બેસાડેલા. સદર વાહન સંઘરાજકા પેટ્રોલ પંપ પાસે થઈ શિવનગરથી આગળ જતા ડેમના કાંઠે ખુલ્લા પ્લોટ પાસે ચેતનવીલા લખેલા મકાન પાસે આરોપીએ ઉભુ રખાવેલુ. ત્યાં તેઓ નીચે ઉતરેલા સ્થળ પર શિવનગરની દિવાલ પાસે વિજળી બોર્ડ સબ સ્ટેશન અને ભુર્ગભ ગટરનો ટાંકો હતો. સાહેદના પુરાવા મુજબ આરોપીએ એવુ જણાવેલુ કે તે સ્થળ પરથી તેણે પથ્થર ઉપાડી ગુજરનાર સુરેશભાઈને માથામાં મારેલો. બાદમાં તેઓએ કુંજન અને દાદુની સહાયતાથી સુરેશને ઢસડીને પાણીમા નાખી દીધેલો અને પથ્થર ઝાડીમા નાખી દીધેલો. જે પથ્થર આરોપીએ ઝાડી ઝાંખરામાંથી શોધી આપેલો. જે પથ્થ્ર ત્રિકોણ આકારનો અને ધારદાર જણાઈ આવેલો. આ પથ્થર સાહેદની હાજરીમાં કબજે લઈ પંચનામાનુ લખાણ કરવામાં આવેલુ. બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં સાહેદે એ વાતનો સ્વિકાર કરેલો કે શિવનગરની પાછળની દિવાલ કેટલી ઉંચી હતી તે તેઓને ચોકકસ ખબર નથી. શિવરનગરનુ પ્રવેશધ્વાર કઈ દિશામા છે તે તેઓને ખબર નથી. સાહેદ એ વાતનો પણ સ્વિકાર કરેલો કે બનાવવાળા સ્થળે તેઓએ કોઈ લોહીનુ ધાબુ જોયેલુ નહી કે મુદ્દામાલ પથ્થર ઉપર લોહીના નિશાનો જણાઈ આવેલા ન હતા. સાહેદ એ વાતનો પણ સ્વિકાર કરેલો કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હતી અને સરળતાથી મળી શકે તેવી હતી. સાહેદે એ વાતનો પણ સ્વિકાર કરેલો કે તેઓએ જે મુદ્દામાલ પથ્થર કબજે કરેલો તેની આજુબાજુ બીજા ઘણાં બધા પથ્થ્રો પડેલા હતા.

**(૧૪)** ફરીયાદપક્ષે બનાવવાળી જગ્યા પુરવાર કરવા સાહેદ નં. ૧ હરેશભાઈ કાંતીલાલ જયસ્વાલને તપાસવામાં આવેલા છે. તેઓ મારફતે આંક–૭ થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરવામાં આવેલુ. જો કે સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરાવડાવી સાહેદની લંબાણપૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલી તેમ છતાં તેઓના પુરાવામાંથી બનાવવાળી જગ્યાના પંચનામની કોઈ હકીકત બહાર કઢાવી શકેલા ન હતા. આંક–૭ વાળુ પંચનામુ જોવામાં આવે તો બનાવવાળી જગ્યા ફરીયાદી માનસીંગભાઈ જળીયાભાઈ ચંદાણાએ બતાવેલી હતી. બનાવવાળી જગ્યા માં નદી તરફ ઢાળમાં એક લોહીનુ ધાબુ જણાઈ આવેલુ. જે લોહીના ધાબાની ગોળાઈ આશરે બે ફુટ જેટલી હતી અને જે સ્થળ પરની નદી મા ગુજરનાર સુરેશભાઈ માનસીંગભાઈ ચંદાણા પાણીમાં પડી ગયેલ હાલતમા મળી આવેલ હતા.

સ્થળ ઉપરની જગ્યા પથ્થરાળ હતી. નાના મોટા પથ્થરો જણાઈ આવેલા હતા.

(૧૫) ફરીયાદપક્ષે સાહેદ નં. ૭ અશ્વિનકુમાર હરીભાઈ ઈટાલીયાને તપાસવામાં આવેલા. તેઓ એફ.એસ.એલ. વાન લઈ સ્થળ પરીક્ષણ કરવા બનાવવાળા સ્થળે ગયેલા. તેઓના પુરાવા મુજબ ધારી પો.સ્ટે. માં અકસ્માત મોત નં. ૧૭/૧૮ ની તપાસ સંદર્ભે તેઓ ધારીના વાઘાપરા શિવનગર પાછળ નદી ના પૂર્વ કિનારે ગયેલા ત્યાં તેઓને સ્થળ ઉપર એક મોટુ રુધિરનુ ખાબોચીયુ અને બાજુમા નાનુ રુધિરનુ ખાબોચીયુ જોવામા આવેલુ તેઓએ સ્થળ નિરીક્ષણ કરી સ્થળ ઉપરથી માટી તથા પાણીના નમુનાઓ કબજે કરવા સૂચના આપેલી તેમજ ડોકટરી તપાસ દરમિયાન સ્તર્નમ બોન લેવા પણ સૂચના આપેલી. ઉલટ તપાસમા સાહેદે એ વાતનો સ્વિકાર કરેલો કે પોલીસ હીસ્ટ્રી મુજબ મરણ જનાર દારૂના નશામાં રાત્રીના સમયે ડેમ કાંઠા વિસ્તારમા પાણીમા પડી ગયેલાનું આંક–૨૪ ના સ્થળ પરિક્ષણ અહેવાલમાં જણાવેલુ છે. સાહેદ મારફતે આંક–૨૪ વાળો સ્થળ પરિક્ષણ અહેવાલ રજુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ફરીયાદપક્ષે સાહેદ નં.૮ અનવરભાઈ નાનુભાઈને તપાસવામાં આવેલા. તેઓએ ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલો. તેઓના પુરાવા મુજબ તા. ૧૪–૦૮–૧૮ ના અરસામાં તેઓ તાલુકા પંચાયતમા રેવન્યુ સર્કલ તરીકે ફરજ પર હતા ત્યારે ધારી પો.સ્ટે. તરફથી ગુન્હાવાળી જગ્યાનો નકશો કરવા તેઓને યાદી મળેલી. સાહેદના પુરાવા મુજબ તેઓએ ગુન્હાવાળી જગ્યાની મુલાકાત લઈ નકશો તૈયાર કરેલો. જે આંક–૨૭ થી રજુ રાખેલો. ઉલટ તપાસમા સાહેદે સ્વિકાર કરેલો કે નકશો બનાવતી વખતે બનાવવાળી જગ્યાના પંચ સાહેદો તેઓની સાથે હાજર ન હતા. સાહેદે એ વાતનો પણ સિવકાર કરેલો કે નકશો બનાવતી વખતે હાજર સરપંચ અને સભ્યોની તેઓએ કોઈ સહી લીધેલી ન હતી .

(૧૬) અંતમા ફરીયાદપક્ષે સાહેદ નં. ૯ તપાસ કરનાર અધિકારી કરણસીંહ દીલીપસીંહ ગોહીલને તપાસેલા. તેઓના પુરાવામાંથી એવુ બહાર આવે છે કે તા.૧૨–૦૮–૧૮ ના રોજ તેઓની રૂબરૂમાં ફરીયાદી માનસીંગભાઈએ તેમના દિકરા સુરેશભાઈને આરોપી રાજુભાઈ અને અન્ય બાળ આરોપીઓએ પથ્થર મારી પાણીમાં નાખી મારી નાખ્યા અંગેની ફરીયાદ જાહેર કરેલી. જે તેઓએ લખી લઈ ગુન્હો રજીસ્ટર કરી તપાસ જાતે સંભાળી લીધેલી. સાહેદના પુરાવા મુજબ તપાસ દરમિયાન તેઓએ લાગતા વળગતા સોહદોના નિવેદનો, પંચનામાઓ તથા મુદ્દામાલ પથ્થર કબજે કરી એફ.એસ.એલ. મા પૃથ્થકરણ અર્થે મોકલી આપેલો. સાહેદના પુરાવા મુજબ આરોપી વિ. પુરાવો જણાઈ આવતા તેઓએ ચાર્જશીટ રજુ કરેલુ. આ ઉપરાંત સાહેદના પુરાવામાં

એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ પૃથથકરણ અર્થે થયેલા પત્રવ્યહાર અને પૃથ્થકરણ અહેવાલ અનુક્રમે આંક–૩૧ થી ૪૧ વાળા રજુ રાખવામાં આવેલા. સાહેદે આંક–૨૧ વાળી ફરીયાદ ઓળખી બતાવી ફરીયાદના કથનો પુરાવામા દોહરાવેલા. સાહેદે ઉલટ તપાસમાં એવુ સ્વિકારેલ કે ગુન્હા સબંધી સૌપ્રથમ અકસ્માત મોત તા.૨૧–૦૭–૨૦૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલી. સાહેદે એ વાતનો પણ સ્વિકાર કરેલો કે તેઓની તપાસમા ફરીયાદીએ એવુ જણાવેલ કે તેઓનો દિકરો તા.૨૦–૦૭–૧૮ ના સાંજના ૬–૦૦ વાગ્યે તેઓને મળેલો ત્યારે તે દારૂના નશામાં હતો ત્યારે નશાના કારણે ડેમના કાંઠેથી ઘરે આવતો હોય અંધારામા પડી જતા તેને માથામા લાગેલુ હોય અને પછી દડતો દડતો પાણીમા પડી જઈ મરી ગયેલો. તેના મોત સબંધે તેઓને કોઈ શંકા કે ફરીયાદ નથી અને બનાવ અકસ્માતના કારણે બનેલો હોય તેઓને કોઈ ફરીયાદ કરવી નથી. સાહેદે એ વાતનો પણ સ્વિકાર કરેલો કે એ.ડી. ની જાહેરાત બાદ ૨૧ દિવસ બાદ ફરીયાદ નોંધવામાં આવેલી. સાહેદે એ વાતનો પણ સ્વિકાર કરેલો કે ગુન્હાની જાહેરાત કરનાર બાળકો ૧૦ વર્ષથી નીચેની ઉંમરના છે.

**(૧૭)** ફરીયાદપક્ષના પુરાવાની છણાવટ કરીએ તો ફરીયાદપક્ષના કેસ મુજબ ગુજરનાર સુરેશભાઈ તા.૨૦–૦૭–૧૮ની રાત્રી બાદથી મળી આવેલા ન હતા. તેઓની લાશ બીજા દિવસે સવારે ડેમના પાણીમાંથી મળી આવેલી. જે સંદર્ભે ગુજરનારના પિતાએ તા.૨૧–૦૭–૧૮ ના રોજ ધારી પો.સ્ટે. મા અકસ્માત મોતની જાહેરાત કરેલી. ત્યારબાદ થોડાક દિવસો બાદ ફરીયાદીના સગીર સંતાન કુંજને તેઓને એવુ જાહેર કરેલ કે તેઓના ભાઈ સુરેશને રાજુભાઈએ છુટો પથ્થર મારેલો હતો. જેથી તેઓ પડી ગયેલા અને બાદમા તેને ઢસડીને પાણીમા નાખી દેવામાં આવેલો અને બાદ કુંજન તેઓની પાસેથી માવા ખાવાના ૧૦૦ રૂપિયા લઈ જતો રહેલો અને પરત ફરેલો નહી. ફરીયાદપક્ષના કેસ મુજબ કુંજન નહીં મળતા ફરીયાદીને તેના બીજા સગીર સંતાનો દાદુ અને કરણે વાત કરેલી કે બનાવના દિવસે તેઓ કુંજન, દાદુ, આરોપી રાજુ, ગુજરનાર સુરેશ તથા ધ્રુવ શેત્રુજી નદીના કાંઠે માછલી પકડતા હતા ત્યારે ગુજરનાર સુરેશભાઈ ગાળો બોલતા તેઓની પાસે આવેલા. જેથી આરોપી રાજુભાઈએ કહેલુ કે તુ અહીંથી જતો રહે ત્યારે સુરેશભાઈએ તેઓને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલા. જેથી રાજુભાઈએ બાજુમા પડેલ એક પથ્થર લઈ છુટો ઘા સુરેશભાઈ ઉપર કરતાં તેઓના માથામા ઘા વાગતા તેઓ સ્થળ ઉપર પડી ગયેલા. જયાંથી રાજુભાઈએ દાદુ તથા કુંજનની સાથે મળી સુરેશભાઈને પાણીમાં ઢસડીને નાખી દીધેલો. આ સમયે કરણ અને ધ્રુવ હાજર હતા અને

તેઓને આ બનાવની વાત કોઈને કરશે તો મારી નાખવાની ધમકી આપેલી. ઉપરોકત હકીકતની જાણ ફરીયાદીને થતા તેઓએ આંક–૨૧ વાળી ફરીયાદ આપેલી અને તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરી આંક–૪ વાળુ તહોમતનામુ ફરમાવવામાં આવેલુ. આંક–૪ વાળુ તહોમતનામુ લક્ષમા રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલો પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા તેવુ બહાર આવે છે કે ફરીયાદીને ગુન્હાની કોઈ જાતમાહીતી નથી. તેઓએ સાંભળેલી હકીકત જાહેર કરીને ફરીયાદ આપેલી. આમ, ફરીયાદીનો પુરાવો ઔપચારીક છે. આંક–૨૧ વાળી ફરીયાદની ફરીયાદીને અંગત જ્ઞાન નથી. જો કે આ કામના ફરીયાદીએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ ગુન્હાની જાહેરાત ના મુખ્ય સાહેદો બાળ સાહેદ કરણ અને ધ્રુવ છે. ફરીયાદપક્ષે સાહેદ ધ્રુવને તપાસવામાં આવેલા નથી. જયારે સાહેદ કરણને આંક–૨૨ થી તપાસવામાં આવેલા છે. કરણે આપેલા પુરાવામાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નથી. આ કામે ગુન્હામાં નજરે જોનાર માત્ર બાળ સાહેદો છે અને તેઓનો પુરાવો બાળ સાહેદ હોય ચોકકસાઈપૂર્વક જોવાનો રહે. જો કે ઉપર જણાવ્યુ તેમ સાહેદ કરણે આંક–૨૧ વાળી ફરીયાદ મુજબનો કોઈ બનાવ બન્યો હોય તેવી હકીકતને સમર્થન કરેલુ નથી. આંક–૨૧ વાળી ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદ પરથી જ બહાર આવે છે કે કુંજન કે જે બાળ સાહેદ છે તેઓ ફરીયાદી પાસે માવો ખાવો પૈસા લેવાની અપેક્ષાએ બનાવની હકીકત જણાવેલી. આમ બાળ સાહેદો લાલચમા આવી કોઈ હકીકત જણાવતા હોય તેવુ ફરીયાદ ઉપરથી જ બહાર આવે છે. તદઉપરાંત કહેવાતો બનાવ એટલે કે અકસ્માત મૃત્યુ તા. ૨૦–૦૭–૧૮ ના રોજ થયા બાદ વીસેક દિવસ બાદ ઉપરની ફરીયાદ દાખલ કરવામાં આવેલી. ફરીયાદપક્ષના જ કેસ મુજબ ફરીયાદીના દીકરાઓના જ્ઞાનમાં આ હકીકત પહેલેથી જ હતી. આમ, સમગ્ર રીતે જોતાં આંક–૨૧ વાળી ફરીયાદ શંકાથી પર જણાઈ આવતી નથી. ટુંકમાં, જયારે ફરીયાદપક્ષના મુખ્ય સાહેદો કે જેના ઉપર કેસનો આધાર છે તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલુ ના હોય ત્યારે ફરીયાદપક્ષે તપાસેલા અન્ય મૌખિક સાહેદોના પુરાવાઓ ઉપર વજન આપી શકાય નહી. તે જ રીતે આંક–૨૧ વાળી ફરીયાદ મુજબ ગુજરનાર સુરેશભાઈને એક પથ્થરનો ઘા મારવામાં આવેલો. જયારે આંક–૯ ના ઈ. પંચનામા તથા આંક–૧૬ ના પી.એમ. રીપોર્ટ મુજબ ગુજરનારના માથા ઉપર બે ઈજાઓ જોવામાં આવેલી. જે સંદર્ભે પણ ફરીયાદપક્ષે કોઈ ખુલાસો લાવી શકેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ ગુજરનારને ઢસડીને પાણીમાં ફેંકી દેવામાં આવેલા. જયારે આંક–૭ વાળુ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ જોવામાં આવે તો કોઈ વ્યકિતને ઢસડીને પાણીમાં નાખવામાં આવેલા હોય તેવા કોઈ નિશાનો ગુન્હાવાળી જગ્યાના પંચનામામા જણાઈ આવેલા ન હતા. બચાવપક્ષે શોધેલા બચાવ મુજબ ગુજરનાર દારુના નશામા હતો જેનો ઈન્કાર ફરીયાદપક્ષે પણ કરેલો ન હતો તેમજ બનાવ

સ્થળે અકસ્માતે પાણીમા પડી ગયાનો બચાવ શોધેલો જે હકીકતને પી.એમ. કરનાર ડો. વિજયભાઈએ સમર્થન કરેલુ છે કોઈપણ વ્યકિત પાણીમા ટેકરા સાથે ભટકાવાથી પી.એમ.ના કોલમ નં. ૧૭ માં દર્શાવેલી ઈજાઓ સંભવી શકે છે. ફરીયાદપક્ષની રજુઆત મુજબ સાહેદ નં.–૩ સંજયકુમાર જટાશંકર બારૈયાએ રીહર્સલ પંચનામાને સમર્થન કરેલ છે તેના પુરાવાને સ્વિકારવો જોઈએ. હું આ કામે તેઓનો પુરાવો ચીવટપૂર્વક જોઈ ગયેલો છું. તેઓએ તેમના પુરાવામાં આરોપીએ તેઓની સમક્ષ જાહેર કરેલી હકીકતોનુ વર્ણન કરેલ છે અને આવી હકીકત એટલેકે કબુલાત સ્વરુપની કોઈ હકીકત પુરાવામા ગ્રાહય રહી શકે નહી. ચોકકસ ડીસ્કવરી સ્વરુપનો પુરાવો સ્વિકારી શકાય છે પરંતુ આ કામે તેવા પુરાવાનો અભાવ જણાઈ આવે છે. સાહેદના પુરાવા મુજબ આરોપીએ ઝાડીમાંથી એક અણીદાર પથ્થર રજુ કરેલો. ડીસ્કવરી સ્વરુપનો પુરાવો ત્યારે જ સ્વિકારી શકાય જયારે આરોપીના અંગત જ્ઞાનમાંથી અને સરળતાથી મળી શકે નહી તેવી જગ્યાએથી હથીયાર કે મુદામાલ રજુ થયેલો હોવો જોઈએ. સાહેદનો પુરાવો અને આંક–૧૨ નુ પંચનામુ જોવામા ંઆવે તો એવુ સ્પષ્ટ થાય છે કે કહેવાતો મુદ્દામાલ પથ્થર આરોપીએ શોધી આપેલો. જો કે આવો પથ્થર સરળતાથી દરેક ઠેકાણે મળી શકે તેમ છે તે સંજોગોમાં પણ ડીસ્કવરી કે રીહર્સલ પંચનામાના પુરાવા ધ્વારા ફરીયાદપક્ષ તેઓનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. સાથોસાથ મુદ્દામાલ પથ્થરનુ બાયોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ જોવામાં આવે તો તેમા રુધિરની હાજરી મળી આવેલી ન હતી. તેથી પણ ફરીયાદપક્ષના તહોમત ઉપર શંકા ઉદભવે છે.

**(૧૮)** સમગ્ર પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ગુજરનારનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થાય છે, પરંતુ ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ ગયેલી છે કે આ કામના આરોપીએ ગુજરનારને ગાળો આપી માથાના ભાગે પથ્થરનો ઘા મારી ગુજરનારને પાણીમાં નાખી મૃત્યુ નીપજાવેલુ. ફરીયાદપક્ષે તપાસેલા સરકારી સાહેદ સિવાયના તમામ સાહેદો ફરી ગયેલા સાહેદો જાહેર કરવામાં આવેલા હતા. આંક–૨૧ વાળી ફરીયાદ ફરીયાદી કે સાહેદો મારફતે પુરવાર થયેલી નથી. ફરીયાદ નોંધાયા બાદ તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરુધ્ધ તપાસ કરીને કયો પુરાવો એકઠો કરેલો તેવુ પણ તેમના પુરાવામાંથી બહાર આવી શકેલુ ન હતું. તેઓનો પુરાવો ઔપચારિક હતો. ફરીયાદપક્ષે તપાસેલા પુરાવામાં આરોપી પક્ષે જે બચાવ શોધેલો કે ગુજરનારનુ મૃત્યુ અકસ્માતથી થયુ હોઈ શકે તેવી શંકા પુરાવો જોતાં અસ્થાને નથી. ટુંકમાં, ફરીયાદપક્ષ આંક–૪ વાળુ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ જતાં હોય, મુદ્દા નંબર–૨ અને ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૪ પરત્વેનો છેવટનો હુકમ

નીચે પ્રમાણે કરું છું :–

**<u>–: : હુ ક મ : :–</u>**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી **રાજુભાઈ નાનજીભાઈ ચંદાણા,** ઉ.વ.૩૫, ધંધો–મજુરી, રહે. વેલપુરા, તા. ઝાલોદ, જી. દાહોદવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૩૪, ૫૦૬(૨) હેઠળના ગુન્હાઓમાંથી **<u>નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો</u>** હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીના જામીનખત રદ કરવામાં આવે છે અને જામીનને જામીનગીરી માંથી મુકત કરવામાં આવે છે. તેમજ આ કામનાં આરોપીએ અપીલ સમય સુધીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જામીન આપવા.

**(૩)** આ કામે કબજે લીધેલ મુદ્દામાલ પાવતી નં.–૩૮/૧૮ અને ૭૯/૧૮ વાળા તમામ આર્ટીકલોનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજ તારીખ : **૧૬** મી, માહે : **મે**, સને : **૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને જાહેર કર્યો.

**(સુનીલ એમ.ટાંક)**
બીજા અધિક સેશન્સ જજ
ધારી.
**GJ-00586**

તારીખ :– ૧૬/૦૫/૨૦૧૯
સ્થળ :– ધારી.